**VASISHTHA GENESIS SCHOOL, BARDOLI**
**(Academic Session: 2026-27)**

**Date:** ________ **Class:**5 **Div:**B **Roll No:** ______ **Sub:**2LGujarati
**Name:** ________________________________________ **Worksheet:**

# 1 માગું હું તે આપ

## અભ્યાસ

### સ્વાધ્યાય

**મૌખિક**

કવિતા યાદ રાખવી.

**લિખિત**

૧. ૧. **કવિને પ્રભુ પાસેથી શું નથી જોઈતું ?**

કવિને પ્રભુ પાસથી ધન-વૈભવ નથી જોઈતા.

૨. **કવિ કેવું મનોબળ માંગે છે ?**

કવિ પ્રભુ પાસે એવું મનોબળ માંગે છે કે જેથી ઊંચા-નીચામાં ભેદ ન લાગે અને સૌ સમાન લાગે.

૩. **કવિ જીવનને કેવું બનાવવા માંગે છે ?**

કવિ જીવનને સફળ બનાવવા માંગે છે.

૪. **કવિ બધાને કેવી રીતે ચાહે છે ?**

કવિ બધાને સમાન રીતે ચાહે છે.

૨. **નીચેનો ભાવ દર્શાવતી પંક્તિઓ કવિતા માંથી શોધો.**

૧. **મારું શરીર મજબૂત બને.**

હરદમ ઉપયોગી થાઉં હું સૌને, કાયા વજ્ર સમાન .

૨. **હું ક્યારેય મનથી થાકું નહિ.**

કાયા થાકે, મન નવ થાકે, જીવ્યું સફળ મુજ થાય.

૩. **બધાને એક સમાન ગણું.**

ઊંચા નીચા ભેદ ન જાણું, સૌને ચાહું સમાન.

૪. **ગરીબોની મદદ કરું.**

ભલે ગરીબી વીર બનીને, હણું ગરીબની હાય.

૩) **નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્યો બનાવો.**

મનોબળ – સ્વામી વિવેકાનંદનું મનોબળ અદ્દ્ભુત હતું.

કાયા – રાજાની કાયા કંચનવર્ણી હતી.

વૈભવ – નગરશેઠ વૈભવમાં આળોટતા હતા.

ભેદ – ગાંધીજી માટે ઊંચા નીચાના ભેદ ન હતા.

## ભાષાજ્ઞાન

**૧. વિરોધી શબ્દો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગરીબી | × | અમીરી | સમાન | × | અસમાન |
| ઉપયોગી | × | બિનઉપયોગી | સફળ | × | નિષ્ફળ |

**૨. સમાનાર્થી શબ્દો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| વીર | = | બહાદુર, પરાક્રમી, શૂરવીર | ગરીબ | = | નિર્ધન, રંક |
| કાયા | = | તન, શરીર | બળ | = | તાકાત, શક્તિ |
| પ્રભુ | = | ઈશ્વર, ભગવાન | ધન | = | દોલત, દ્રવ્ય |

**૩. સંજ્ઞા**

**નીચે આપેલા વાક્યોમાંથી સંજ્ઞા શોધીને તેનો પ્રકાર જણાવો.**

૧. કાગડી, કાબર (જાતિવાચક)

૨. શંકર, પાર્વતી, દીકરા (શંકર-પાર્વતી વ્યક્તિવાચક, દીકરા જાતિવાચક)

૩. બકરી – જાતિવાચક

૪. નદી, કાચબા – જાતિવાચક

૫. વાઘ, રીંછ – જાતિવાચક

૬. મેઘા – વ્યક્તિવાચક

# 2 ભિક્ષા પાત્ર

## સ્વાધ્યાય

### મૌખિક

**૧. પશુ-પક્ષી અને લોકો વ્યાકુળ કેમ હતા ?**

નગરમાં બે-ત્રણ વર્ષથી દુકાળ પડ્યો હતો. ઝાડ-પાન સુકાઈ ગયા હતા. જમીનમાં તિરાડો પડી ગઈ હતી. પાણીનું ટીપું પણ મળતું ન હતું. તેથી પશુ-પક્ષી અને લોકો વ્યાકુળ હતા.

**૨. નગરવાસીઓની સ્થિતિ જોઈને ભગવાન બુદ્ધે શું કર્યું ?**

ભગવાન બુદ્ધે પોતાના ભક્તોને નગરના ધનવાનોને બોલાવવા કહ્યું. જેથી તેઓ ગરીબ નગરજનોની મદદ કરી શકે.

**૩. દરેક જણાને અનાજ પહોંચાડવાનું કામ કરવાની જવાબદારી કોણે ઉપાડી ?**

દરેક જણાને અનાજ પહોંચાડવાની જવાબદારી ભગવાન બુદ્ધના પ્રિય શિષ્ય અનાથપિંડદની પુત્રી સુપ્રિયાએ ઉપાડી.

**૪. ભગવાન બુદ્ધે સુપ્રિયાને કેવા આશીર્વાદ આપ્યા ?**

ભગવાન બુદ્ધે સુપ્રિયાને તેનો નિશ્ચય પાર પડશે તેવા આશીર્વાદ આપ્યા.

### લેખિત

**૧. ભગવાન બુદ્ધે ધનવાન લોકોને કયો પ્રશ્ન પૂછ્યો ?**

ભગવાન બુદ્ધે ધનવાન લોકોને પૂછ્યું કે, "તમારામાંથી કોણ કોણ ભૂખ્યા લોકોને અનાજ આપવા તૈયાર છે ?"

**૨. રત્નાકર શેઠે બુદ્ધને શું જવાબ આપ્યો ?**

રત્નાકર શેઠે ભગવાન બુદ્ધને કહ્યું કે "આટલા બધા માણસોને અનાજ પહોંચાડવાની શક્તિ મારામાં નથી."

**૩. સુપ્રિયા કોણ હતી ? એણે ભગવાન બુદ્ધને શું કહ્યું ?**

સુપ્રિયા ભગવાન બુદ્ધના પ્રિય શિષ્ય અનાથપિંડદ ની પુત્રી હતી. તેણે ભગવાન બુદ્ધને કહ્યું કે – 'આ તુચ્છ સેવિકા આપની આજ્ઞાનું પાલન કરશે. દુકાળ પીડિતો માટે અનાજ પહોંચાડવાની જવાબદારી હું લઉં છું.'

**૪. સુપ્રિયાની વાત સાંભળી ધનવાન લોકોએ શું કહ્યું ?**

સુપ્રિયાની વાત સાંભળી ધનવાનોમાંથી કેટલાંક ગુસ્સે થયા, કેટલાંકને તે ગાંડી લાગી, કોઈકે મશ્કરી કરી વળી કોઈએ કહ્યું કે, "તારા ઘરમાં અનાજના ફાંફાં છે અને આટલી મોટી જવાબદારી લે છે. શું તારા ઘરમાં અનાજના ભંડાર ભરેલા છે."

૨. સાચા ઉત્તર સામે ✓ નું નિશાન કરો.

૧. શેઠ ધર્મપાલને દુકાળ સિવાય બીજી શેની ચિંતા હતી ?

☐ ભૂખ અને તરસથી વ્યાકુળ પક્ષીઓની ☐ છોકરાઓના ભણતરની

☑ રાજ્યને કર વેરો ચૂકવવાની ☐ દરેક માણસને અનાજ પહોંચાડવાની

૨. પાઠમાં 'તથાગત' શબ્દ કોના માટે વપરાયો છે ?

☐ સેનાપતિ જયસેન ☑ મહાત્મા બુદ્ધ ☐ ધર્મપાલ ☐ અનાથપિંડદ

૩. અનાથપિંડદ કોણ હતો ?

☑ સુપ્રિયાના પિતા ☐ નગરશેઠ ☐ સેનાપતિ ☐ રાજા

**મૂલ્યવર્ધક પ્રશ્ન**

શાળામાં મિત્રનું ટિફિન બોક્સ નીચે પડી ગયું છે તો હું મારા ટિફિન બોક્સમાંથી તેની સાથે ખાઈશ. આમ કરવાથી તે ભૂખ્યો નહિ રહે અને અમારી વચ્ચે મિત્રતા અને વિશ્વાસ વધશે.

## ભાષાજ્ઞાન

**૧. નીચે આપેલા શબ્દોના લિંગ બદલો.**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| યુવક | - | યુવતી | શેઠ | - | શેઠાણી | સ્ત્રી | - | પુરુષ |
| સેવક | - | સેવિકા | શિષ્ય | - | શિષ્યા | | | |

**૨. સમાનાર્થી શબ્દો લખો.**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| શક્તિ | - | તાકાત | પૃથ્વી | - | ધરતી | ચરણ | - | પગ |
| શ્રીમંત | - | ધનવાન | પાંદડું | - | પર્ણ | પક્ષી | - | પંખી |
| ઘર | - | ગૃહ | | | | | | |

Activ
Go to

**વિશેષ પ્રશ્નો :**

**૩. નીચે આપેલા શબ્દોને યોગ્ય જગ્યાએ લખો.**

મધુર ગીત, નિર્ધન સ્ત્રી, ધનવાન શેઠ, વિનમ્ર અવાજ, લીલું ખેતર, મોટું નગર.

**૪. નીચે આપેલા શબ્દોના વચન બદલો.**

| એકવચન | બહુવચન |
|---|---|
| સ્ત્રી | સ્ત્રીઓ |
| શહેર | શહેરો |
| પશુ | પશુઓ |
| વરસ | વરસો |
| સેનાપતિ | સેનાપતિઓ |
| ખેતર | ખેતરો |